- બાળકોના મૂલ્ય વિકાસ માટે શિક્ષકો અને વાલીઓની ભૂમિકા .

- **સંશોધન માટે પસંદ કરવામાં આવેલ વર્ગ :** નારાયણ વિદ્યાલય ગુજરાતી માધ્યમના ધોરણ૯-અ ના વિદ્યાર્થીઓ પર આ સંશોધન કાર્ય કરવામાં આવ્યું.

  **સંશોધન પદ્ધતિ :** આ સંશોધન માટે પ્રશ્નાવલિ પદ્ધતિ, નિરીક્ષણ પદ્ધતિ અને શિક્ષકો તથા વાલીઓ સાથેની ચર્ચા અપનાવવામાં આવી. વિદ્યાર્થીઓના વર્તનનું સીધું નિરીક્ષણ કરીને તથા પ્રશ્નાવલિના આધારે મળેલા જવાબોનું વિશ્લેષણ કરીને માહિતી એકત્રિત કરવામાં આવી.

- **સંશોધન પ્રક્રિયા કેવી રીતે કરવામાં આવી :** વર્ગખંડમાં વિદ્યાર્થીઓને તેમના પાઠ્યપુસ્તકના પાઠ,પ્રસંગો,વાર્તાઓ દ્વારા જુદાજુદા મૂલ્યો તથા જીવનમાં તે મૂલ્યો અને શિસ્તનું મહત્વ સમજાવ્યું. વિદ્યાર્થીઓ સાથેની વાતચીતમાં તેમની માનસિકતા અને તેમના ઘરના વાતાવરણ વિશે જાણકારી મેળવી.તેમણે તેમને વર્તનમાં અમુક પ્રકારની શિસ્ત તથા જીવનમાં કેટલાક મૂલ્યો અપનાવવા માટે સમજાવ્યું. વિવિધ પ્રવૃત્તિઓ અને પરિસ્થિતિમાં કેવા પ્રકારની શિસ્ત અને મૂલ્યોનું પાલન કરવું તે અંગે માર્ગદર્શન આપ્યું.ત્યારબાદ શાળા અને વર્ગખંડમાં આ વિદ્યાર્થીઓના વર્તનનું નિરીક્ષણ કર્યું અને વિવિધ પરિસ્થિતિઓમાં તેઓ શું કરશે તે વિશે જાણકારી મેળવી.

- **કસોટી દ્વારા ચકાસણી :** શાળામાં વિદ્યાર્થીઓના વર્તનના નિરીક્ષણ દ્વારા તેમનામાં રહેલા મૂલ્યો અને શિસ્ત વિષે જાણકારી મેળવી. આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે એક પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી જેમાં આપેલ પરિસ્થિતિ માટે તેમના વિચાર અને તેઓ શું કરશે તે વિશે તેમને જણાવવાનું હતું. જેમાં વિદ્યાર્થીઓના ઉત્તરના આધારે તેઓ કેવા મૂલ્યો ધરાવે છે તેનું વિશ્લેષણ કર્યું.

- **માહિતીનું એકત્રિકરણ :** વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલી પ્રશ્નાવલી ૩૦ વિદ્યાર્થીઓને આપી તેમના પાસેથી જવાબો મેળવવામાં આવ્યા. જેમાં આપેલ પરિસ્થિતિ માટે તેમના વિચાર અને તેમના વર્તન વિશે જાણકારી મેળવી તેના આધારે મોબાઇલનો ઉપયોગ, અભ્યાસ પ્રત્યેનો વલણ, પરિવાર સાથેનો સમય અને શાળાની પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની બાબતો આવરી લેવામાં આવી. શિક્ષકોઅને વાલીઓ સાથેની ચર્ચામાંથી બાળકોની શિસ્ત પ્રત્યેની જાગૃતિ વિષે માહિતી મળી.

- **માહિતીનું પૃથકકરણ :** પ્રશ્નોત્તરી દ્વારા એકત્રિત માહિતીના વિશ્લેષણ પરથી બાળકોમાં શિસ્ત અને મૂલ્યોના અભાવ માટે જવાબદાર કારણોમાં સૌથી પહેલું કારણ છે કુટુંબનું વાતાવરણ. આજકાલ માતા-પિતા વ્યસ્ત જીવનશૈલીમાં બાળકોને પૂરતો સમય આપી શકતા નથી. સંયુક્ત કુટુંબની પરંપરા પણ ઘટી રહી છે, જેના કારણે સંસ્કારનું યોગ્ય સંસ્કરણ થતું નથી.બીજું, શિક્ષણ પ્રણાલીમાં અતિશય માર્ક્સ-કેન્દ્રિત અભિગમને લીધે નૈતિક શિક્ષણ પર પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી.ત્રીજું, ટેક્નોલોજી અને મીડિયાનો અતિશય ઉપયોગ. મોબાઇલ, ગેમ્સ અને સોશિયલ મીડિયામાં ખોટી બાબતો ઝડપથી બાળકોને પ્રભાવિત કરે છે.ચોથું, સમાજમાં વધતી સ્પર્ધા અને ભૌતિકવાદી વલણ પણ બાળકોને ખોટી દિશામાં દોરી જાય છે.

  અને પાંચમું, માતા-પિતા અને શિક્ષકોની ભૂમિકા. ઘણા માતા-પિતા બાળકોને ભૌતિક સુવિધાઓ તો આપે છે, પરંતુ સંયમ અને શિસ્ત શીખવવામાં પાછળ પડે છે.

- **પરિણામ :** બાળકોને વિવિધ પ્રસંગો , વાર્તાઓ દ્વારા જુદાજુદા મૂલ્યો તથા જીવનમાં તે મૂલ્યો અને શિસ્તનું મહત્વ સમજાવ્યા બાદ તેમના વર્તનમાં શિસ્ત, નમ્રતા અને વિવેક જોવા મળ્યું પરંતુ થોડા દિવસ બાદ તેઓ ફરી પાછા એ બધુ ભૂલીને બેજવાબદાર બની ગયા. આ સંશોધન પરથી જાણવા મળે છે કે બાળકોમાં શિસ્ત અને મૂલ્યોના અભાવ પાછળ કુટુંબ, સમાજ, શાળા અને મીડિયા જેવા અનેક પરિબળો જવાબદાર છે. પરિણામે બાળકોમાં આદર, સહકાર, સમયપાલન અને જવાબદારી જેવા મૂલ્યો ઘટતા જાય છે.ફિલ્મો વગેરેમાં નકારાત્મક ભૂમિકા ભજવનારા પાત્રો બાળકોના આદર્શ અને રોલમોડેલ છે.

- **તારણો :** બાળકોમાં મૂલ્યો અને શિસ્ત જાળવવા માટે ઘણા ઉપાયો શક્ય છે.સૌથી પહેલા કુટુંબ સ્તરે, માતા-પિતાએ બાળકોને સમય આપવો, પોતે આદર્શ વર્તન કરવું અને સંસ્કારાત્મક વાતાવરણ સર્જવું. શાળામાં, મૂલ્ય આધારિત શિક્ષણ, સેવાકાર્યો અને પ્રેરણાદાયક પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં શિસ્ત અને સંસ્કાર વિકસાવી શકાય. ટેક્નોલોજીનો ઉપયોગ નિયંત્રિત કરવો જોઈએ અને બાળકોને ઉંમર પ્રમાણે યોગ્ય કન્ટેન્ટ જ જોવા દેવું જોઈએ. સમાજ સ્તરે, આદર્શ વ્યક્તિઓના જીવનપ્રસંગોથી બાળકોને પ્રેરણા આપવી, અને સેવાકાર્યોમાં જોડાવા પ્રોત્સાહિત કરવું જરૂરી છે.માતા-પિતા અને શિક્ષકોએ પ્રેમ અને કડકાઇનું યોગ્ય સંતુલન જાળવીને બાળકોને માર્ગદર્શન આપવું જોઈએ. આમ, બાળકોમાં મૂલ્યો અને શિસ્તનો અભાવ એક ગંભીર સમસ્યા છે, પરંતુ ઘર, શાળા અને સમાજ – ત્રણે સ્તરે સંકલિત પ્રયાસો કરવાથી ચોક્કસપણે સારા પરિણામ મેળવી શકાય છે. આજની પેઢીમાં મૂલ્યો અને શિસ્ત મજબૂત હશે તો આવનારો સમાજ વધુ ઉજજવળ અને સુખમય બનશે.